# વિચ્છેદ કાવ્ય સંગ્રહમાં પ્રગટતી ગ્રામચેતના

રાજેન્દ્ર એન.પરમાર
પી.એચ.ડી. રિસર્ચ સ્કોલર
સ્કૂલ ઓફ હ્યુમીનિટિઝ એન્ડ સોશિયલ સાયન્સ,
ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

કવિશ્રી મણિલાલ હરિદાસ પટેલનો જન્મ તા- ૯/૧૧/૧૯૪૯ ના ગોલાના પાલ્લા ગામમાં થયો.જે ગામ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના મહિસાગરને કિનારે વસેલું છે પિતા ખેડૂત હોવાને કારણે તેમનું બાળપણ ગામડા અને સીમડાના પ્રદેશમાં ઉછરેલું હતું.

મણિલાલ હ. પટેલની કવિ તરીકેની સર્જક પ્રતિભા અનોખી તરી આવે છે.અનુઆધુનિક ગુજરાતી સાહિત્યના મહત્ત્વના સર્જકછે.કવિશ્રીએ વિવિધ સાહિત્ય સ્વરૂપોનું સર્જન કરેલું છે. કવિતા ઉપરાંત, વાર્તા, નવલકથા, નિબંધ, સંપાદન, વિવેચન, અનુવાદ ,પ્રવાસ તથા અન્ય સાહિત્ય સ્વરૂપોનાં સર્જનમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે.તેમણે અધ્યાપન કાર્ય દરમ્યાન ‘શીલશ્રુતમ’,‘ખેવના’ જેવા વિવિધ સામાવિકોનું સંપાદન કરેલું છે.ગુજરાતી સૉનેટ તથા રાવજી પટેલની કાવ્યસૃષ્ટિનું પણ સંપાદન કરેલું છે.

કવિ નિબંધકાર, નવલકથાકાર સર્જકને ઉમા સ્નેહરશ્મિ પુરસ્કાર (૧૯૯૪–૧૯૯૫) તથા ઉશનસ પુરસ્કાર (૧૯૯૬-૧૯૯૭) પ્રાપ્ત થયેલ છે. મણિલાલ હ.પટેલ કૃત

પક્ષ્મા વિનાના દેશમાં (૧૯૮૩)
સાતમી ઋતું ( ૧૯૮૭ )
ડુંગર કોરી ઘર કર્યા ( ૧૯૯૮ )
પતઝર ( હિન્દીમાં–૧૯૯૯ )
વિચ્છેદ ( ૨૦૦૯ )

આમ, ચાર કાવ્ય સંગ્રહ ગુજરાતીમાં અને એક કાવ્ય સંગ્રહ હિન્દીમાં પ્રગટ થયેલો છે. ( વિચ્છેદ – પૃ.૧૩૫) રાધેશ્યામ શર્મા નોંધે છે; “કવિ મણિલાલ પટેલની કવિતા યાત્રા ૧૯૮૩ માં પક્ષ્મા વિનાનાં દેશમાંથી શરૂ થઇ ૨૦૦૯ માં સચિત્ર ‘વિચ્છેદ’ સુધી આવી પહોંચી છે.”(પૃ.૧૩૪)

## 'વિચ્છેદ' કાવ્યસંગ્રહ ગ્રામચેતનાની ઓળખ

‘વિચ્છેદ’ કાવ્યસંગ્રહમાં ૮૭ કવિતાઓ સગ્રહાયેલી છે.જેમાં કવિની સર્જક પ્રતિભા અને શબ્દ શક્તિએ ગ્રામ ચેતનાને જગાડી છે.કાવ્યસંગ્રહમાં કવિતા,ગીત અને ગઝલ સંગ્રહાયેલાં છે.કવિએ છંદ અને પ્રાસનો ઉપયોગ કરી

શબ્દ સૌંદર્ય પ્રગટાવ્યું છે.

'વિચ્છેદ'નો અર્થ થાય છે છૂટું પડવું તે.આ કાવ્ય સંગ્રહનું શીર્ષક પણ યોગ્ય છે.મણિલાલ હ.પટેલ શહેરમાં રહે છે પરંતું તેમને ગ્રામપ્રદેશનો અનેરો અને અપાર લગાવ છે તેમના દિલો-દિમાગમાં ગ્રામજીવન સંસ્કૃતિ અને પ્રકૃતિની જૂની યાદો સંગ્રાહેલી છે તે યાદોની જીવંતતા પ્રગટતા જ પોકારી ઉઠે છે

'આવશે' કાવ્યમાં કાવ્ય નાયક કહે છે ;

"ઓચિંતો વરસાદ આવશે
વગડો ખેતર યાદ આવશે
શેઢે શેઢે તે રોપેલાં
એ વૃક્ષોનો સાદ યાદ આવશે " (પૃ - ૭ )

અહીં કવિ ઓચિંતા વરસાદમાં વતનનો વગડો અને ખેતર યાદ આવે છે.ખેતરના શેઢે પોતે રોપેલા વૃક્ષોનો સાદ સંભળાયછે.વરસાદને કારણે માટી ઠરે છે અને તેમાથીં પાણી નીતરે છે.આ સમયે પોતાની 'બા'ની યાદ તાજી થાય છે. 'ગાન' કાવ્યમાં ગ્રામ ચેતના પ્રગટે છે. કાવ્ય નાયક પોતાનાં ઘર અને ગામની યાદ આવતાં કહે છે.

"પાદરને પડસાળ સાંભરે
દાદા અંતરિયાળ સાંભરે"
"ઘર મેડીને માઢ સાંભરે
વગડો ખેતર વાડ સાંભરે"
"દહીંની દોણી છાશ સાંભરે
ઘર માથેનાં ઘાસ સાંભરે "(પૃ.–૯)
"ડુંગર કોતર ઢાળ સાંભરે
ગાડાં ઘૂઘરમાળ સાંભરે"(પૃ.-૧૦)

અહીં કાવ્યકનાયકને ગામનું પાદર,પડસાળ,દાદા,ઘર,મેડી,ખેતર,વાડ,દોણીની તાજી છાછ, ડુંગરો કોતરોની યાદ આવે છે.અહીં શબ્દોનું પુનરાવર્તન અને આંતરપ્રાસનું સુંદર સંયોજન થયેલું છે.'યાદ છે'કાવ્યમાં કાવ્યનાયક કહે છે.

"દાદા ઘર પરસાળ યાદ છે
આંબાની એ ડાળ યાદ છે
દૂર દૂર એક દીવો બળતો
છૂટી ગયું મોસાળ યાદ છે" (પૃ.–૧૨)

અહીં દાદાની યાદ જીવંત જોડાયેલી છે.આંબાની ડાળ , મોસાળ , ડૂંગરો, કોતરો,મહીસાગરનો ઢાળ,ખૂલ્લા ખેતર, તાપણી,ફળિયું બધુંજ યાદ છે

Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

અજયસિંહ ચૌહાણ 'વિચ્છેદ' ને " ગુજરાતી ગ્રામચેતનાનો બળૂકો અવાજ" કહે છે. 'ઝંખના' કાવ્યમાં ગામ અને પાદરની કાવ્ય નાયકની ઝંખના છે. ભીની આંખો,'બાં'ની વઢવણ,બેનના મનામણાં, લાલ પાઘડી,કંકુ થાપા આ બધુ કવિને યાદ છે.

"સીમ ભરીને સાથ દીધો તો
એ શ્રાવણ એ ઝરમર ઝંખું,"(પૃ.૧૩)

'માણસો-૧' કવિતામાં કાવ્યનાયક કહે છે

"ક્યાં ગયા એ બધા પહાડશા માણસો" (પૃ.-૧૭)

" દોડતા આવતા વ્હાલના  માણસો
સાંભરે છે સનત કાલના માણસો" (પૃ.-૧૮)

અહીં કવિને પહાડ જેવા માણસોની યાદ આવે છે વચન અને વ્હાલના નક્કર મણસો યાદ આવે છે.

'માણસો-૨'

"ખેડતા વાવતા વાઢતા માણસો
ચાખતા આવતા ચાહતા માણસો"(પૃ.૧૯)

ખેતરમાં વાવણી કરતા માણસો.ભાગતા માણસોની યાદ તાજી થાય છે,દોડતા,વાઢતા માણસો, કવિ શહેરમાં રહે છે પરતું તેમના ચિંતમાં ગામડાની જીવંત છબિ અંકાયેલી છે કવિને ગામ અને ગામના.પાદરની સતત સ્મૃતિ રહે છે ત્યારે કાવ્ય નાયક નિજને જ ઉદ્દેશીને કહે છે.

" બાની સાથે ગયું બાળપણ ગામ જવાની હદ છોડી દે
વસતિ – વચ્ચે વિસ્તરતું રણ ગામ જવાની હદ છોડી દે"(પૃ.–૨૩)

અહીં કાવ્ય નાયકને બા ના ગયા પછી બાળપણ ચાલ્યું ગયું, જે હઠાગ્રહ છે તેને છોડવાની વાત કરે છે.હવે માણસો વચ્ચે રણનો વિસ્તાર થતો દેખાય છે સૂકાઇ ગયેલ નદી,ડેમ,કપાઇવૃક્ષો ,તૂટેલો ચોરો,પાળિયા આ બધુ ચાલ્યું ગયું છે.કાવ્ય નાયકને સગાં અને સગપણના સંબંધો પણ છૂંટી ગયેલા જણાય છે પોતે ગામમાં જશે તો પાદર પણ નામ પૂછશે.સૌ કાવ્ય નાયકને  પણ ભૂલી ગયા છે.એટલે કવિ ગામ જવાની હઠ છોડી દેવાની વાત કરે છે.સમગ્ર ગઝલમાં પ્રાસયુક્ત શબ્દગૂંથણીનું સુંદર સંયોજન થયેલું જણાય છે,

'મારું ગામ કાવ્યમાં કવિ ગ્રામચેતનાને જાગ્રત કરે છે.

"નળિયે નળિયે સવારનો તળકો ઝરમરતો હશે
ફળિયે ફળિયે વ્હાલપનો નાતો ફરફરતો હશે"(પૃ.૨૫)

અહીં કવિએ સુંદર શબ્દશક્તિનો ઉપયોગ કરેલો છે.ગામડામાં મોટા ભાગના ઘર નળિયાવાળા હોય છે.કવિ કવિતાનો ઉઘાડ નળિયા ઉપર સવારનો તડ્કો વરસાદરૂપી કલ્પના કરી વરસાદને ઝરમરતો દર્શાવ્યો છે.બીજી પંક્તિમાં ફળિયાના લોકો હળીમળીને રહે છે સ્નેહભાવથી રહે છે તે જણાવાયું છે અંતમાં હશે શબ્દનાં પ્રાસથી

કવિએ સુંદર કાવ્ય સૌંદર્ય અંત પંક્તિમાં પ્રગટ કર્યું છે. 'જોયા કરીએ' કાવ્યમાં પણ ગામડાની પ્રકૃતિને યાદ કરી પંખી,શેઢા,ખેતર.વૃક્ષો વગેરેને જોયા કરવાની વાત કરે છે. 'ચોપાઇમાં કવિ કહે છે'

"કંસારી તમરાના બો લયમાં ઉંઘે ખેતર મોલ"(પૃ.૩૨)
"વગડે બોલે તેતર મોર
લીમડે કાબરનો કલશોર માટી પણ છે મસ્તીખોર
ખીલી ઉઠી થૈ ગુલમહોર"(પૃ.૩૨)

અહીં કવિએ કલ્પના દ્વારા શ્રાવ્યતાનો અનુભવ કરાવે છે ખેતરનો મોલ નિંદરમાં છે આ સમયે તાલમય તમરાનો લય નિરવ શાંતિમાં અહલાદક લાગે છે.કવિ ગામડાનાં વગડાની વાત કરે છે.તેતરનો અવાજ,મોરનો મધુર અવાજ અને વૃક્ષ પર કાબરોનો કલબલાટ છે.કવિ માટીને પણ મસ્તીખોર કહે છે આવી મસ્તીખોર માટીમાથીં ગુલમોર ખીલેલા નજર પડે છે.કવિ કહે છે;

સમી સાંજનો છે વરસાદ"
માટીમાંથી ઉઠે નાદ)"પૃ.૩૩)

સમી સાંજના સમયે વરસાડી સુંદર વાતાવરણ છે .આ સમયે માટીમાથીં 'ઉઠે નાદ' અહીં દેડકાંનો કાવ્ય નાયકનો એક સરખો અવાજ સંભળાય છે.તો એમનાં સાદમાં સારસનો સામેની પારથી સ્વર સંવાદ સંભળાય છે.

કવિને ગામનીએ પ્રકુતિની સ્મૃતિ ઠસોઠસ ભરાયેલી છે એટલેતો કવિ છે ચાલ વૃક્ષને મળવું છે.

"તડકો છાંયો કળવા જઈએ
ચાલ,વૃક્ષને મળવા જઇએ"(પૃ.૩૭)

એનો છાંયો,એની લીલાંશ,ગુલાબવરણી સાંજ ઝાલરનો અવાજ,કાવ્ય નાયકની સ્મૃતિમાં જીવંત થાય છે.ચાલ શબ્દથી નિજને ઉદેશીને કહે છે;

"સાદ કરે ખેતર સંભાળ
હજી વખત છે પાછો વળ"(પૃ.૩૮)

માત્રામેળ છંદમાં રચાયેલી આ ગઝલમાં કાવ્ય નાયક કહે છે પાછો વળ,તારું ગામ સાદ કરે છે,તારું ખેતર સાદ કરે છે,તારું માટી સાથેનું જોડાણ છે.કાવ્ય નાયકનો નીજની ભોમકાનો સાદ સંભડાય છે. કુદરત' ચાડિયો–ખેતર–કણબીમાં ગ્રામ ચેતનાનું શબ્દ સૌંદર્ય પ્રગટાવે છે.તો 'ગીત' કાવ્યમાં પોતાના આંગળામાં આંબો અને ઉનાળા વિશે આલેખન કરે છે.

"કણબીના કૂવામાં સોળે વરણ ભરે પાણી આપદાઓ,
કૂવાથી ઉંડી ને ક્યારે પણ  કોઈએ ન જાણી"(પૃ.૪૪)

અહીં કવિએ 'કણબી'ની પરિસ્થિતિનું વર્ણન કર્યું છે.'કણબી' ખૂબ જ પરિશ્રમ કરતો હોય છે.તેના જીવનમાં આવતી આપતિઓનો સામનો કરે છે.ગામડાના પટેલનું પરિશ્રમી સાહસિકતાનું વર્ણન છે.'કૂવા'ના પ્રતીક દ્વારા સુંદર શબ્દ ચિત્રનું સર્જન કરેલું છે. પટલાણીબાઇ' કાવ્યમાં 'પટલાણી'ના વ્યક્તિત્વ વિશેનું આલેખન છે.જે ગ્રામ ચેતના પ્રગટે છે.

"તમે પથ્થરને દેવ કરી પૂજ્યા,પટલાણીબાઇ
તમે આયખાથી એમ કરી ઝૂઝ્યા પટલાણીબાઇ"(પૃ.૪૫)
કવિને 'સ્મરણ' થઇ આવે છે
"પેહલા જેવો લગાવ ક્યાં છે
લોહી ઝાણ એ બનાવ કયાં છે"(પૃ.૫૬)
"અહીં સાગરનો ઢાળ ક્યાં છે
ને ચાહ્યાનું આળ કયાં છે"(પૃ.૫૭)

કાવ્યનાયકને પોતાના વતનનો લગાવ હવે ઓસરતો લાગે છે.પોતાના ગામનું પાદર અને તળાવ શુષ્ક લાગે છે.મહીસાગરનો ઢાળ,મેડી–માળ–પડશાળ કવિની નજરે હવે ચડતા નથી. બાપુજી કાવ્ય નાયક પૂછે છે તારે કંઇ ખરી દવું છે ત્યારે બાળપણમાં ફટાકડા ખરીદવાની જીદથી કાવ્યનાયકને લાફો ચોડી દીધો હતો.તેનું કાવ્ય નાયકને હળવું અને વ્હાલું સ્મરણ થઇ આવે છે.

"હિબકે ચડી ગયેલો ને માએ છાતીસરખો વળગાડીને
ઢબૂરી દીધો હતો એના સાડલા સાથે સોડની ઉષ્મામાં"(પૃ.૫૯)

અહીં 'બા' નો ઉષ્માભર્યો વ્હાલ કવિને સ્મરણે ચડે છે. 'ગાન'કાવ્યમાં કવિએ ગ્રામચેતનાનું સુંદર શબ્દચિત્રનું આલેખન કર્યું છે.

"ચારે બાજુ વૃક્ષો ઉભા
વચમાં ખેતર સૂના રે
દિવસો ઉકળે ગોળ – કઢાઇ રાતે
શમણાં લૂ-નાં રે"(પૃ.૮૫)

કવિઓ ઉનાળાનું શબ્દચિત્રનું આલેખ કર્યું છે.ચરે બાજુ સૂના ખેતરમાં વૃક્ષો ઉભા છે.કવિએ દિવસને ઉકળતો–ગોળ– કઢાઇ  દ્વારા વર્ણવ્યો.કઢાઇમાં જેમ ગોળ ઉકળે તેમ ઉનાળાની ગરમીનું વર્ણન કર્યું છે.ખેતરમાં મોલ લચેલા છે.'ઉના વાયરા વાતા રે' શબ્દપ્રાસનું સુંદર સંયોજન થયેલું છે. કવિએ ટ્રેનમાં મુસાફરી દરમ્યાન સાંજનાં સમયે નિજને થયેલા અનુભવનું 'ટ્રેનમાંથી સાંજ'નું સુંદર શબ્દચિત્રનું આલેખન કર્યું છે.

"નિષ્ફળ પ્રતિક્ષાનો ભાર લઇને
દૂર ક્ષિતિજને કાંઠે ઉભેલા વૃક્ષો"(પૃ.૯૯)
પ્રથમ ગર્ભવતી નારીના ચેહરા જેવું
હમણા જ ખેડાયેલું ખેતર......
શાહીચૂસ જેવી સીમમાં
ગુપ્તસર શો પ્રસરતો સન્નાટો

ખેડૂત સાથે ગામમાં ગયેલો
શ્વાનપગો પવન .......(પૃ.૧૦૦)

અહીં સાંજના સમયનું ગામડાનું આલેખન કર્યું છે .કવિએ સુંદર ઉપમાઓ આપેલી છે.

શાહીચૂસ –સીમ -શ્વાનપગો પવન,ગુપ્તચર જેવો સન્નાટો જેવા શબ્દ પ્રયોજનથી કાવ્યમાં નવિનતમ શબ્દ સૌંદર્ય પ્રગટ થયેલું છે.ગામડાનું જીવંતચિત્ર ખડું થાય છે.'સમ્બન્ધ' કાવ્યમાં કાવ્યનાયક કહે છે

"હતો ભરેલો ફળિયા જેવો"
પ્રેમ હવેતો નળિયા જેવો,
ખાલી કૂવે ઝૂરે ગરગડી
પ્રેમ લોહના સળિયા જેવો" (પૃ.૧૨૩)

કાવ્ય નાયકની સંવેદના અહીં સળવળી ઉઠે છે.કવિના પોતાના ગામનું આખું ફળિયું વ્હાલપણથી ભર્યું–ભર્યું લાગતું હતું. ને પ્રેમ હવે 'નળિયા' જેવો લાગતો હતો. ફળિયા અને નળિયાનો સુંદરપ્રાસ કવિ રચેલો છે.ફળિયામાં જીવંત વ્હાલય છે તો નળિયામાં જડહીનતા છે. ખાલીકૂવો,ઝૂરે ગરગડી, કૂવામાં પાણીના અભાવે–ગરગર્ડીને ઝૂરતી દર્શાવીને કવિએ સુંદર શબ્દચિત્ર ખડુ કર્યું છે. ખળખળ વ્હેતો મ્રાલ બોરના 'ઠડીયા' ને રઝળતો દર્શાવી સુંદર આલેખન કર્યું છે. અજયસિંહ ચૌહાણ નોંધે છે, "ગ્રામ ચેતનાની ઝાંખી 'વિચ્છેદ' કાવ્યોમાં અનુભવાય છે કવિતા કરતાં કરતાં એક આખો મલક અહીં ઉઘડતો અનુભવાય છે તેનાં કેટલાય સંવેદરૂપો,આકૃતિઓ અને આલેખનો મળે ત્યારે જે ગામડું આપણે જોયું છે,તેમાં વિહાર કરવાની તક મળે"(પૃ.૧૨૮)

કવિશ્રી મણિલાલ હ.પટેલને વન અને વતન અતિ વ્હાલું છે. અનુઆધુનિક યુગના એવા કવિ છે જેમણે ગ્રામ જીવનાના પરિવેશ કવિતામાં કવિતામાં જીવંત શબ્દચિત્રથી ખડું કર્યું છે.એમની અનુભૂતિમાંથી નિતરતા ગામ ,પાદર,અને સીમાડાના શબ્દચિત્રો તાજગીપૂર્ણ જણાય છે.'વિચ્છેદ' 'કાવ્ય સંગ્રહ' ગ્રામ ચેતનાની જીવંતતાથી નોખો તરી આવે છે.કવિને બાળપણથી જ ગ્રામ્ય જીવનનો અનુભવ છે.જે અનુભવ કવિએ 'વિચ્છેદ'માં કવિતામાં શબ્દ શક્તિથી પ્રાણ પૂરેલા જણાય છે.કવિએ નિજની કલ્પના શક્તિથી કલ્પન,પ્રતીક,શબ્દપ્રાસનું સુંદર સંયોજન કરેલું છે.'વિચ્છેદ'માં કવિની ભાષાનો શબ્દપ્રયોગ સહજતાથી સરળતાથી પ્રગટ્યો છે. જે ભાવક કાવ્ય પ્રવાહમાં સરળતાથી રસ જગાડે છે.

**પાટદીપ**

૧.પટેલ મણિલાલ હ. 'વિચ્છેદ' કાવ્ય સંગ્રહ પ્રાશ્વ પબ્લિકેશ અમદાવાદ બીજી આવૃતિ–૨૦૦૯(પૃ.૧૩૫)

૨.એજન,પૃ.૧૩૪

૩.એજન,પૃ.૭

૪.એજન,પૃ.૯

Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

૫.એજન,પૃ.૧૦

૬.એજન,પૃ.૧૨

૭.એજન,પૃ.૧૩

૮ .એજન,પૃ.૧૪

૯. એજન,પૃ.૧૮

૧૦.એજન,પૃ.૧૯

૧૧.એજન,પૃ.૨૩

૧૨.એજન,પૃ.૨૫

૧૩.એજન,પૃ.૩૨

૧૪.એજન,પૃ.૩૨

૧૫.એજન,પૃ.૩૩

૧૬.એજન,પૃ.૩૭

૧૭.એજન,પૃ.૩૮

૧૮.એજન,પૃ.૪૪

૧૯.એજન,પૃ.૪૫

૨૦.એજન,પૃ.૫૬

૨૧.એજન,પૃ.૫૭

૨૨.એજન,પૃ.૫૯

૨૩.એજન,પૃ.૮૫

૨૪.એજન,પૃ.૯૯

૨૫.એજન,પૃ.૧૦૦

૨૬.એજન,પૃ.૧૨૩

૨૭.એજન,પૃ.૧૨૮